

Long-Term Care Home Update

Community Newsletter

Lakeridge Health

**માર્ચ 2021**

## વર્ચ્યુઅલ ઓપન હાઉસની વિશિષ્ટતાઓ

18મી માર્ચે, Lakeridge Healthએ નિવાસીઓ સાથે સીધો સંપર્ક કરવા તેમજ નવા લાંબાગાળાની સંભાળનાં ઘરને પ્રદર્શિત કરવા ફેસબુક લાઈવ પર વર્ચ્યુઅલ ઓપન હાઉસની યજમાની કરી હતી.

Ajax અને Durham ક્ષેત્રમાંથી આશરે 80 નિવાસીઓએ ચર્ચામાં ભાગ લીધો હતો, તેમજ Lakeridge Health, PCL Construction, અને G architectsની ટુકડીએ ઘરનું ઑનલાઈન કૉમ્પ્યુટર પર "પ્રક્રિયા દ્વારા કાળજીપૂર્વક માર્ગદર્શન આપીને સમજાવ્યું હતું"


જે ચર્ચા થઈ તેની વિશિષ્ટતાઓમાં સામેલ છે:

- ઘરનાં માળના આયોજનોનું વિહંગાવલોકન, કે જેમાં સુરક્ષિત અને લૅન્ડસ્કેપ કરેલા કોર્ટયાર્ડ્સ, હલનચલન સરળ કરવા માટે પહોળાં હૉલવેઈઝ, તેમજ સહ-નિવાસીઓ અને પરિવાર સાથે જોડાવવા અને સામાજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા માટે વ્યક્તિગતપણે હળીમળી શકાય તેવાં સ્થાનોનો સમાવેશ થાય છે.

- વૃદ્ધિ પામેલ ચેપનું નિવારણ અને નિયંત્રણ કરવા માટેની પદ્ધતિઓ (IPAC)ની વિગતો, જેમાં એક જ બીમારી ધરાવતા બે કે તેથી વધુ લોકોને સહાયરૂપ બનવા માટે ઘરનાં ક્ષેત્રોની અંદર અલગથી સ્વચ્છ અને અસ્વચ્છ અવરજવરનાં માર્ગો તેમજ 16–પથારીનાં સમૂહનું નિર્માણ કરવાનો સમાવેશ થાય છે.

- પ્રત્યેક મહિને ક્રમિક અને સતત થતું રહેતું આયોજન તેમજ પ્રવર્તમાનમાં બાંધકામનાં સ્થળથી દૂર ઈમારતનાં વિવિધ ઘટકોનાં નિર્માણકામનું પ્રદર્શન.

- જીવંત પ્રસારણમાં થયેલ મતદાન કે જેમાં 98% ઉપસ્થિત લોકો સહમત થયા કે Durhamને વધુ લાંબાગાળાની સંભાળ લેતા ઘરોની જરૂર છે.




*ઓપન હાઉસ પરથી સ્ક્રીનશૉટ*

## વર્ચ્યુઅલ જોઈ ન શકાયું

## ઓપન હાઉસ?

જો તમે અમારા વર્ચ્યુઅલ ઓપન હાઉસમાં જોડાવવા માટે અસમર્થ હતાં, તો તમે અમારી વેબસાઈટ પર રેકૉર્ડિંગ જોઈ શકો છો. કૃપા કરીને નિયમિતપણે નવીનતમ માહિતીથી વાકેફ રહેવા માટે તેમજ ભવિષ્યની ઘટનાઓ પર વધુ માહિતી મેળવવા માટે www.lh.ca પર અમારી વેબસાઈટને જોતા રહેવાનું ચાલુ રાખો.

## બાંધકામમાં પ્રગતિ ઝડપી ગતિથી ચાલતી રહી છે

Lakeridge Healthનાં નવા લૉન્ગ-ટર્મ કૅર હોમમાં, કે હાલમાં જે Ajax Pickering Hospitalની અડોઅડ બંધાઈ રહેલું છે, તેમાં કામ સારી પ્રગતિ પર ચાલી રહ્યું છે. સમગ્ર ફેબ્રુઆરી અને માર્ચ દરમિયાન, બાંધકામની ટુકડીએ જરૂરી ઉપયોગિતાની સેવાઓ સ્થાપિત કરી છે, જેમ કે, કેન્દ્રીય Region of Durhamમાં વીજ પુરવઠો અને વરસાદી પાણી અને મળમૂત્ર અને મેલા પાણીના નિકાલ માટેની ગટરો સ્થાપવાનું કામ. આ મહિનાની શરૂઆતમાં બે ક્રેનો પણ આવી પહોંચી હતી અને બાંધકામની ટુકડી ભોંયતળિયાંને સિમેન્ટથી સીંચારવાનું કાર્ય પૂર્ણ કરી રહી છે તેમજ પહેલા માળની દીવાલો ચણવાનું કામ શરૂ કરી રહી છે.

સાઈટ પર, બાંધકામનાં કલાકોનાં પ્રમાણ અને સ્તરમાં નોંધપાત્ર વૃદ્ધિ કરવામાં આવી છે. તેનાં મહત્તમ પ્રમાણમાં, પરિયોજનામાં પાળી પર 300 કુશળ કામદારો તેમજ પ્રતિદિન 600થી વધુ કુશળ કામદારો કામ પર હશે. **આ 4,800 કામકાજનાં કલાકો પ્રતિદિન સમાન છે** જે આપણાં સમુદાય અને પ્રૉવિન્સ માટે એક નોંધપાત્ર કહી શકાય તેવી આર્થિક વૃદ્ધિ છે.

22મી માર્ચથી શરૂ કરીને સાઈટ પરની ટુકડીઓ સોમવારથી શુક્રવાર સવારનાં 6:30થી મધરાત સુધી તેમજ શનિવારે સવારનાં 6:30થી સાંજનાં 5:00 સુધી કામ કરતી રહેશે.

સાઈટ પર બાંધકામ કરવા ઉપરાંત, એ સાઈટથી દૂર ઈમારતનાં વિવિધ ઘટકોનું નિર્માણકામ પણ ચાલી રહ્યું છે. PCL, અમારા બાંધકામનાં ભાગીદાર, ઈમારતનાં અનેક પૂર્વનિર્મિત ઘટકોની ડિઝાઈન અને સ્થાપનની દેખરેખ રાખી રહ્યા છે, જેમ કે, વજન વહન કરતી સમતલ દીવાલ પથ્થર-પદાર્થોની છાટનાં માળખાં, કારખાનામાં તૈયાર કરેલ સંપૂર્ણ સ્નાનાગારનું એકમ, તેમજ યાંત્રિક અને વિદ્યુત વિતરણ પદ્ધતિઓ.

આ પ્રકારનાં વિવિધ ઘટકોથી કરાતું નિર્માણ તેમજ કામકાજનાં સંપૂર્ણ કલાકોની અવધિ એ Accelerated Build Pilot Programનાં ભાગરૂપે છે અને એક પરંપરાગત લાંબાગાળાની સંભાળની પરિયોજના કરતાં નવા ઘરને ઝડપથી નિર્માણ થવા દેવા માટે સક્ષમ બનાવે છે.

એ બાબતથી નિશ્ચિત રહો કે, ભલે ઝડપ એ ટોચની અગ્રતા છે, તો પણ, તમામ કર્મચારીવર્ગ અને બાંધકામનાં કામદારો સ્થાપિત નિયમ, સિદ્ધાંત અથવા સ્થિતિને અનુરૂપ સ્વાસ્થ્ય, સલામતી અને આયોજનનાં ધોરણને વળગી રહેશે.

### પાર્કિંગ ગરાજનું બાંધકામ શરૂ થવા માટે સુયોજિત છે

અમે ઈચ્છુક છીએ કે, ઘરનાં પાર્કિંગ ગરાજ અને આંતરિક માર્ગના માળખાંમાં બાંધકામ કાં તો માર્ચનાં અંતમાં/અથવા તો એપ્રિલની શરૂઆતમાં શરૂ થઈ જશે. નવું લાંબાગાળાની સંભાળનું ઘર ઓછામાં ઓછી 250 પાર્કિંગની જગ્યાઓ માટેની અતિરિક્ત માંગ ઉત્પન્ન કરી શકશે.

પાર્કિંગ ગરાજ અને પુનઃરૂપરેખાંકિત માર્ગનું માળખું બન્ને એવા જરૂરી સમાવેશીકરણો છે જેઓ Ajax Pickering Hospitalમાં અને તેની આસપાસ વૃદ્ધિ પામતા જતા વાહનોનાં વહેવારમાં સહાયભૂત બનવાની સાથોસાથ બન્ને નવી લાંબાગાળાની ઈમારત તેમજ હૉસ્પિટલમાં આવતા દર્દી, મુલાકાતી, અને કર્મચારીવર્ગનાં પ્રવેશને સરળ બનાવશે.

ગરાજ અને માર્ગનાં માળખાંનું બાંધકામ કરવા માટે, તબક્કાવાર બાંધકામ કરવાની જરૂર પડે છે અને તેથી આંતરિક માર્ગના રૂપરેખાંકનમાં તેમજ કેટલાક ઝાડ કાપવા પડે તેમ હોવાથી તેની અસર પડશે. આ પ્રયાસમાં માર્ગદર્શન કરવા માટે, એક પ્રમાણિત સ્થાનિક ક્ષતિગ્રસ્ત/કપાયેલ વૃક્ષો બાબતના નિષ્ણાતની સેવાઓ લઈને એ ઓળખવા માટે સંપૂર્ણ મૂલ્યાંકન કરવામાં આવશે કે કયા-કયા ઝાડોનું રક્ષણ કરવું જોઈએ અને જાળવણી કરવી જોઈએ. The Town of Ajaxની પણ સલાહ લેવામાં આવી હતી અને થનાર બાંધકામ માટે મંજૂરી માગતા પરવાનગીપત્રને પૂરો પાડવામાં આવ્યો હતો. જેમ-જેમ અમે પરિયોજનામાં આગળ વધતા જઈશું, તેમ-તેમ કોઈ અતિરિક્ત ઝાડોને પ્રતિકૂળ અસર પહોંચાડવામાં નહીં આવે.

Lakeridge Health આપણા સમગ્ર તંત્રમાં પર્યાવરણીય સ્થિરતા તેમજ ઊર્જાની કાર્યક્ષમતાને સક્રિયપણે પ્રોત્સાહિત કરવા બાબતનો સુવિખ્યાતપૂર્ણ ભૂતકાળ ધરાવે છે, અને અમે એ બાબતમાં પ્રતિબદ્ધ છીએ કે એવા નવા ઝાડોનું ફરીવાર વાવેતર કરી શકીએ જે એક વાર બાંધકામ પૂર્ણ થતાં આવશ્યક જથ્થાને પરિપૂર્ણ બનાવી શકે.



## વારંવાર પૂછાતા પ્રશ્નો

લાંબાગાળાની સંભાળનાં બાંધકામની પરિયોજના બાબતમાં જે લોકો પ્રશ્નો લઈને અમારો સંપર્ક કરવા કે ફીડબૅક આપવા માટે અમને મળવા ઈચ્છતા હોય તે સર્વેના અમે આભારી છીએ. કેટલાક સામાન્ય રીતે પૂછાતા પ્રશ્નો અંગેનાં જવાબો અહીં છે:

### પ્રશ્ન 1. ઘર ક્યારે પૂર્ણ કરવામાં આવશે અને તેમાં કેટલા બેડ્ઝ હશે?

નવું લાંબાગાળાની સંભાળ માટેનું ઘર Harwood Avenue South અને ClementsRoad Westનાં વાયવ્ય (નૉર્થવેસ્ટ) ખૂણે, Ajax Pickering Hospitalની બાજુમાં આવેલું છે. એવી અપેક્ષા સેવવામાં આવે છે કે તે 2021ની આખર સુધીમાં પૂર્ણ થઈ જશે અને 320 બેડ્ઝ માટેની ક્ષમતા ધરાવશે.

### પ્રશ્ન 2. જો હું Ajaxમાં નિવાસ કરતો/કરતી હોઉં, તો શું મને નવા ઘરમાં સ્થાન સુનિશ્ચિત કરવાનો વધુ સારો મોકો મળી શકે?

જ્યારે નવું ઘર ખુલશે, ત્યારે તે સમગ્ર પ્રૉવિન્સમાં તમામ લાંબાગાળાની સંભાળ માટેનાં ઘરમાં પ્રવેશ મેળવવા માટે પ્રાંતીય પ્રક્રિયાને અનુસરશે. પ્રાંતીય રીતે સંચાલન કરવામાં આવતી મકાન ફાળવવા માટેની પ્રક્રિયા દ્વારા Ontarioનાં તમામ પાત્ર નિવાસીઓ માટે કોઈ પણ ઈમારત અને તેની હદમાં પ્રવેશ કરી શકાય છે.

એ બાબતની ખાતરી રાખવા કે તબીબી ઈતિહાસનો ચોક્કસ રેકૉર્ડ જાળવવામાં આવે, તેમજ લાંબાગાળાની સંભાળ માટે પાત્રતાને નક્કી કરવા કાજે સહાયભૂત બનવામાં આવે, ઘરમાં પ્રવેશ મેળવવા માટે પ્રાંતીય પ્રક્રિયામાં સંભાળ સંયોજક દ્વારા મૂલ્યાંકન સહિત બહુલ-ભાગીય મૂલ્યાંકનનો સમાવેશ કરવામાં આવે છે. પ્રવેશ મેળવવા માટેની વધુ માહિતી માટે, કૃપા કરીને 310-2222 પર કૉલ કરો (એરિઆ કોડની જરૂર નથી).

### પ્રશ્ન 3. નવા લાંબાગાળાની સંભાળ માટેનાં ઘર મેળવવાની સાથોસાથ હું નોકરી/કામ કેવી રીતે મેળવી શકું?

એક વાર ઉપલબ્ધ બનાવવામાં આવે પછી, નવા ઘરમાં ભૂમિકા ભજવવા માટે કેવી રીતે અરજી કરવી એ વિષે સમુદાયને જાણ કરવામાં આવશે અને માહિતી પૂરી પાડવામાં આવશે.

### Q4. પ્રશ્ન 4. નવા લાંબાગાળાની સંભાળ માટેનાં ઘર માટે હું કેવી રીતે ઉત્પાદન અથવા સેવા પૂરી પાડી શકું?

સૂચન કરવામાં આવેલી સેવા અથવા ઉત્પાદનનાં પ્રકાર પર આધારિત, મેળવી આપવાની કામગીરી એ અમારા સામાન્ય ઠેકેદાર (PCL) સાથેનાં બાંધકામનાં કરારનાં ભાગરૂપે છે અથવા તો Lakeridge Healthમાં રહેલી અમારી હાલની મેળવી આપવાની કામગીરીની

જો તમે Lakeridge Health માટે (ઑન્ટેરિઓ સરકારની વ્યવસ્થા મુજબ) વેન્ડર ઑફ રેકૉર્ડ બનવા ઈચ્છતા હો, તો કૃપા કરીને અમારા મેળવી આપવાની કામગીરી કરનાર સંયોજક Plexxusમાં નોંધણી કરાવો.

### પ્રશ્ન 5. બાંધકામની સાઈટ નજીક પડોશીઓને ઓછામાં ઓછો ઘોંઘાટ સંભળાય એ માટે શું કરવામાં આવી રહ્યું છે?

બાંધકામની ટુકડીએ સૌથી નજીક વસવાટ કરતા પાડોશમાં એવા કોઈ પણ ઘોંઘાટ કે એવી કોઈ પણ અસરને ઓછામાં ઓછી કરવા માટે પોતાનો શ્રેષ્ઠ પ્રયાસ કરવાનું ચાલુ રાખ્યું છે. PCL એ એવી અનેક યોજનાઓને વ્યવસ્થિતપણે આયોજિત કરી છે કે જે ઘોંઘાટ થવા અંગેનાં પેટાનિયમોનું પાલન કરે છે:

- તમામ સ્વાસ્થ્ય, સલામતી તેમજ પર્યાવરણીય ચિંતાઓ બાબતે નિયંત્રણ કરવાના પ્રયાસોનું આયોજન કે જેમાં ડસ્ટ કન્ટ્રોલ (રજકણોના નિયંત્રણ)નો સમાવેશ થાય છે;
- નિયુક્ત યાતાયાત નિયંત્રણનાં આયોજન અંતર્ગત બન્ને, માલને લેવા-પહોંચાડવામાં અને પાર્કિંગ-સાઈટમાં કાર્યસ્થળથી આવનજાવન કરતી ભીડને શક્ય તેટલી ઓછામાં ઓછી કરવી; તેમજ,
- એવી યોજનાઓ કે જેમાં ઘોંઘાટ સંબંધે એવા પેટાનિયમો ઘડવામાં આવે કે જે નિર્માણકાર્યને લગતા ઘોંઘાટનું અનુપાલન કરતા હોય.

એક તરફ અમે જ્યારે આ મહત્ત્વપૂર્ણ અને અત્યંત જરૂરી એવા લાંબાગાળાની સંભાળ માટેનાં ઘરને જેટલું શક્ય થઈ શકે તેટલું જલદી પૂર્ણ કરવા માટે કામગીરી કરતાં આવ્યાં છીએ ત્યારે અમે નિર્માણકાર્યનાં સ્થળની નજીક આસપાસ વસતા પડોશીઓએ કેવી સમજશક્તિ કેળવી છે એ બાબતને લઈને તેમની કદર કરીએ છીએ.

પરિયોજનાનાં નિર્માણની અનુસૂચિ એ બાબતની ખાતરી કરવા માટે ઝડપી છે કે નવા ઘરને 2021ની આખર સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

## તમને નવીનતમ માહિતીથી વાકેફ રાખવા માટે

અમે તમને અમારી પ્રગતિ વિષે આ સમાચારપત્ર દ્વારા તેમજ અમારી વેબસાઈટ દ્વારા નવીનતમ માહિતીથી વાકેફ કરતા રહીશું.

કોઈ પણ સમયે, જો તમારે કોઈ પ્રશ્નો હોય અથવા તો વધુ માહિતી મેળવવા ઈચ્છતા હો, તો કૃપા કરીને 905-576-8711 એક્સ્ટેન્શન 34167 પર કૉલ કરો અથવા AjaxLTC@lh.ca પર ઈમેઈલ કરો.

તમે અમને ટ્વિટર અને ફેસબુક પર પણ ફૉલો કરી શકો છો.

**Durham સમુદાયમાં આ મહત્ત્વપૂર્ણ નવા ઉમેરાનું પ્રોત્સાહન કરવા તમે દાખવેલ રુચિ બદલ તમારો આભાર!**